# શિક્ષકથી રાષ્ટ્રપતિ સુધીની સફર ખેડનારા : ડૉ. રાધાકૃષ્ણન

## સંકલન – પુરણ ગોંડલિયા



રાધાકૃષ્ણનનો જન્મ ૫ સપ્ટેમ્બર, ૧૮૮૮ના રોજ તમિલનાડુના તિરુતાનીમાં એક મધ્યમ વર્ગીય બ્રાહ્મણ પરિવારમાં થયો હતો। થયો હતો. બાળપણથી જ રાધાકૃષ્ણન ભણવામાં હોશિયાર હતા. 1903 માં 16 વર્ષની ઉમરમાં એમના વિવાહ સીવાકામું સાથે થયા। તે સમયે સીવાકામુંની ઉમર દસ વર્ષની હતી। લગ્નના ત્રણ વર્ષ બાદ તેમને સાથે રહેવાની શરૂઆત કરી હતી। પત્ની સીવાકામુંએ શિક્ષા પ્રાપ્ત કરી ન હતી છતાં એઓ તેલુગુ ભાષા સારી રીતે જાણતા હતા।

૧૯૦૬માં મદ્રાસ કોલેજમાંથી તેમણે ફિલોસોફીના વિષયમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. તેઓ જ્યારે વીસ વર્ષના હતા ત્યારે જ તેમણે માસ્ટર ડિગ્રી માટે તૈયાર કરેલા શોધનિબંધથી તેમના પ્રોફેસર ખૂબ જ પ્રભાવિત થયા હતા. તેમનો આ શોધનિબંધ વીસ વર્ષની ઉંમરે પ્રકાશિત થયો હતો. ફિલોસોફીનો વિષય તેમને પસંદ ન હતો, પરંતુ તેમના દૂરના એક ભાઈ કે જે તેમની શાળા અને કોલેજમાં ભણતા હતા એ ફિલોસોફીનાં પુસ્તકો રાધાકૃષ્ણનને આપતા. રાધાકૃષ્ણન સમય પસાર કરવા માટે તે વાંચતા અને આ રીતે ફિલોસોફીમાં તેમનો શોખ કેળવાતો ગયો. ૧૯૦૯માં રાધાકૃષ્ણને ફિલોસોફીના અધ્યાપક તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી. કોલેજની નોકરીની સાથે સાથે તેઓ લેખનકાર્ય પણ કરતા. કેટલાંક સાંપ્રત સામયિકોમાં તેઓ ફિલોસોફી પર લેખ લખતા. તેમના સૌથી પહેલા પુસ્તકનું નામ ‘ધ ફિલોસોફી ઓફ રવીન્દ્રનાથ ટાગોર’ હતું. ડોકટર સર્વપલ્લી રાધાકૃષ્ણન ની મહાત્મા ગાંધીજી સાથે પ્રથમ મુલાકાત 1915 થઈ। મહાત્માના વિચારોને પ્રભાવિત થઇ એમને રાષ્ટીય આંદોલનના સમર્થનમાં લેખ પણ લખ્યા। તેઓ કોઈ પણ પાર્ટીમાં જોડાયા નહિ। નિર્ભય થઈને દેશ માટે પ્રેમ પ્રગટ કરતા રહ્યા।

જુલાઈ 1918માં મેસૂર પ્રવાસ દરમિયાન રવીન્દ્રનાથ ટાગોર સાથે એમની મુલાકાત થઈ। તે મુલાકાત પછી એઓ ટાગોરથી ખુબ પ્રભાવિત થયા। અને 'રવીન્દ્રનાથ ટાગોર કા દર્શન ' નામનું પુસ્તક 'મૈકમિલન પ્રકાશન' દ્વારા પકાશિત થયું।

૧૯૨૬માં હાર્વર્ડ યુનિવિર્સટી ખાતે તેમણે ઈન્ટરનેશનલ કોંગ્રેસ ઓફ ફિલોસોફીમાં તેમણે કોલકાત્તા યુનિર્વિસટીનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે તેઓ યુનેસ્કો ખાતે ભારતના પ્રતિનિધિ તરીકે કાર્યરત હતા. જ્યારે

૧૯૪૯થી ૧૯૫૨ દરમિયાન તેઓ સોવિયેત યુનિયન ખાતે ભારતના રાજદૂત રહ્યા હતા. ૧૯૫૨માં તેમની વરણી ભારતના રાષ્ટ્રપતિ તરીકે કરવામાં આવી હતી. જ્યારે તેઓ ભારતના રાષ્ટ્રપતિ બન્યા ત્યારે તેમના મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના જન્મદિવસની ઉજવણી કરવા માટે ઉત્સાહ બતાવવામાં આવ્યો હતો.

26 નવેમ્બર 1956 માં એમના પત્નીનું અવસાન થયું। ત્યારથી 53 વર્ષ જીવન સાથ નિભાવવા વાળી જીવન સાથીનો વિયોગ સહન કરવો પડ્યો।

એમનો રાષ્ટપતિ કાર્યકાળ 13 મેં 1962 થી 13 મેં 1967 સુંધીનો રહ્યો

તેઓ પ્રથમ ભારતના ઉપ રાષ્ટપતિ અને ભારતના બીજા રાષ્ટપતિ હતા। તેમના પિતા કઠનાઈઓ સાથે પોતાનો પરિવારનો નિર્વાહ ચલાવતા હતા। તેથી બાળપણમાં ડોકટર સર્વપલ્લી રાધાકૃષ્ણન ને વીશેષ સુખ પ્રાપ્ત થયું નહિ તેઓના જન્મ દિવસે શિક્ષણ દિવસ ઉજવવામાં આવે છે

રાષ્ટપતિ બન્યા બાદ ડોકટર રાજેન્દ્ર પ્રસાદની જેમ તેમણે પણ પોતાના વેતનમાં ઘટાડો કર્યો હતો। તેમને ઘોષણા કરી હતી એક સપ્તાહમાં બે દિવસ કોઈ પણ માણસ વિના અનુંમતીએ એમને મળી સકશે। રાષ્ટપતિ બન્યા પછી એવો ઈરાન , અફઘાનીસ્તાન , ઈંગલેન્ડ , અમેરિકા , નેપાળ , યુગોસ્લાવિયા , ચેકોસ્લોવાકિયા , રુમાનિયા અને આયરલૈંડ ગયા। તેઓ અમેરિકાના રાષ્ટીય ભુવન 'વ્હાઈટ હાઉસ ' માં હેલીકોપ્ટર દ્વારા અતિથી રૂપે પહોચ્યા। તેની પહેલા હેલીકોપ્ટર દ્વારા કોઈ પણ વ્યક્તિ વ્હાઈટ હાઉસ સુધી પહોચ્યો ન હતો।

ભારતના પ્રથમ રાષ્ટપતિ ડોકટર રાજેન્દ્ર પ્રસાદની તુલનામાં રાધાકૃષ્ણન નો કાર્યકાળ કઠિનાઈ થી ભર્યો રહ્યો। તેમના કાર્યકાળમાં ભારત – ચીન યુદ્ધ અને ભારત – પાકિસ્તાન યુદ્ધ થયું। ચીન સામે અપમાનજનક હાર થતા રાધાકૃષ્ણને જવાહરલાલ નહેરુ ની આલોચના કરી હતી। રક્ષામંત્રી કૃષ્ણમેમન ને જ જવાહરલાલ નહેરુ ની ઈચ્છા ન હતી છતાં રાજીનામું આપવા મંજુર કર્યાં હતા। રાધાકૃષ્ણન ના રાષ્ટપતિ કાર્યકાળ દરમિયાન ભારતના બે પ્રધાન જવાહરલાલ નહેરુ અને લાલબહાદુર શાસ્ત્રીનું દુખદ અવસાન થયું હતું

ડોકટર સર્વપલ્લી રાધાકૃષ્ણને લાંબી બીમારી બાદ 17 એપ્રિલ 1975 ના દિવસે સવારમાં અંતિમ સ્વાસ લીધા। મિત્રો, પાંચમી સપ્ટેમ્બર એટલે શિક્ષક દિન. શિક્ષક દિને સાડી કે ઝભ્ભો–કૂર્તો પહેરવાનો અને એક દિવસ માટે શિક્ષક બની જવાનું.

બહુ મજા આવે નહિ? પણ તમને ખબર છે શિક્ષક દિન કોના માનમાં ઊજવવામાં આવે છે? આપણાં પહેલા ઉપરાષ્ટ્રપતિ અને બાદમાં રાષ્ટ્રપતિ બનેલા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના માનમાં. વિશ્વના શ્રેષ્ઠ શિક્ષકોમાં તેમનો સમાવેશ કરવામાં આવે છે.

જોકે રાધાકૃષ્ણને પોતાના જન્મદિવસને શિક્ષકદિન તરીકે ઊજવવાનું સૂચન કર્યું હતું. બસ, ત્યારથી તેમનો જન્મદિવસ ભારતમાં શિક્ષકદિન તરીકે ઊજવવામાં આવે છે. ડો. રાધાકૃષ્ણનને તેમના સેવાકાર્ય માટે કેટલાક બ્રિટિશ અને ભારતીય ઈલકાબોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૫૪માં તેમને ભારતરત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૯૭૫માં ઓક્સફર્ડ યુનિર્વિસટીએ તેમને ટેમ્પલટન એવોર્ડથી નવાજ્યા હતા. ઈનામમાં મળેલી બધી જ રકમ તેમણે યુનિર્વિસટીને દાનમાં આપી દીધી હતી. ત્યારથી ૧૯૮૯માં ઓક્સફર્ડ યુનિર્વિસટીએ ડો. રાધાકૃષ્ણનની યાદમાં સ્કોલરશિપ આપવાની શરૂઆત કરી છે.